દાખલ થયા તારીખ : ૧૧/૦૩/૯૯
રજિ.લીધા તારીખ : ૧૧/૦૩/૯૯
નિકાલ થયા તારીખ : ૧૯/૦૧/૧૮.
સમય : વર્ષ– માસ– દિવસ–

**અમદાવાદના મે.ઍડિ.ચીફ મૅટ્રોપૉલીટન મૅજીસ્ટ્રેટ સાહેબની કૅાર્ટ નં. ૭, અમદાવાદ.**

**ક્રિમી. કેસ નં.૨૭૯/૯૭.**
**આંક :૧૨.**

ફરિયાદી........................ શ્રી સ ર કા ર

વિરુધ્ધ

આરોપી.................... ૧.હરીવદન શંકરલાલ પટેલ,ઉવ.પુખ્ત.
૨. નરેન્દ્રભાઈ શંકરલાલ પટેલ,ઉવ.પુખ્ત.
૩. ચંદ્રકાન્ત શંકરલાલ પટેલ,ઉવ.પુખ્ત.
ત્રણેય રહેવાસી: પટેલવાડી, કડીયા બ્લોક, ડી.૩૪,દવાખાના સામે, ખોખરા, અમદાવાદ.

તહોમત ::– ઈ.પી.કો. કલમ : ૪૪૭, ૩૩૭, ૨૯૪(ખ), ૩૨૩, ૪૨૬, ૫૦૬(૧),૧૧૪ મુજબ.

ફરીયાદ પક્ષે ::– વિ.એ.પી.પી.શ્રી ત્રિવેદી.
આરોપી પક્ષે ::– વિ.વકીલશ્રી

**–:: ચુ કા દો ::–**

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ બનાવના સમયે સ્થળે તા.૨૫/૨/૯૭ના કલાક:૭/૩૦ વાગે ફરીયાદીના કંપાઉન્ડમા ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીને કહેલ કે, મારા નાના ભાઈ ચંદ્રકાન્તને કેમ ઠપકો આપેલ, તેમ કહી ફરીયાદીને મોઢા ઉપર ફેંટ મારી બીભત્સ ગાળો બોલી જરસી ફાડી, નુકશાન કરી, ઈંટો વડે માર મારી ઈજા કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ- :૪૪૭, ૩૩૭, ૨૯૪ (ખ), ૩૨૩, ૫૦૬(૧), ૪૨૬, ૧૧૪ મુજબના ગુના સબબ અમરાઈવાડી પો.સ્ટે દ્વારા ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપીઓને સમન્સ કાઢતાં, આરોપીઓ તેમનાં વિ.વ.શ્રી મારફત હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની ખાતરી આંક-૧ હેઠળ કર્યા બાદ, આંક-૨ થી જવાબ લેતાં, આરોપીઓએ તેઓની સામેનાં ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી, કામ પુરાવા ઉપર રહેતાં પુરાવો નોંધવાનું શરૂ કરવામાં આવેલ છે.

૩. આ કામે ફરિયાદ પક્ષનો પુરાવો શરૂ થતાં પહેલાં પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થતાં, તેઓએ આંક–૪ થી સમાધાન પુરસીસ રજૂ કરતાં તે તેઓને વાંચી–સંભળાવી, સમજાવતાં, તેઓએ સ્વેચ્છાએ સમાધાનનો સ્વીકાર કરેલ છે અને તેમાંની સહીઓ કૅાર્ટ રૂબરૂ ઓળખી બતાવતા રેકર્ડ કરી.

૪. ફરિયાદ પક્ષ તરફે તેમના કેસના સમર્થનમા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

ત્યારબાદ, ફરિયાદ પક્ષે આંક–૧૦ થી કલોઝીંગ પુરસીશ રજૂ કરી, પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફરિયાદ પક્ષે અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસેલા નથી.

૫. ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપીઓનું સી.આર.પી.સી.ની કલમ : ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો ન હોઈ, વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

૬. ત્યાર બાદ, સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપીઓ તરફે તેમના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામા આવી.

૭. આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુ દ્દા ઓ ::-**

:૧: શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ બનાવના સમયે સ્થળે તા.૨૫/૨/૯૭ના કલાક:૭/૩૦ વાગે ફરીયાદીના કંપાઉન્ડમા ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીને કહેલ કે, મારા નાના ભાઈ ચંદ્રકાન્તને કેમ ઠપકો આપેલ, તેમ કહી ફરીયાદીને મોઢા ઉપર ફેંટ મારી બીભત્સ ગાળો બોલી જરસી ફાડી, નુકશાન કરી, ઈંટો વડે માર મારી ઈજા કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા સબબ ભારતીય દંડ સંહિતાની કલમ- :૪૪૭, ૩૩૭, ૨૯૪(ખ),૩૨૩, ૫૦૬(૧), ૪૨૬, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ કોર્ટની હકુમતમા કરેલ છે ?

:૨: શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

: ૧ : નકારમાં.

: ૨ : આખરી હુકમ મુજબ.

૯. ઉપરોકત નિર્ણયોનાં મારાં વિગતવારનાં કારણો નીચે મુજબ છે.

**'' કા ર ણો ''**

**મુદ્દા નં. ૧ ::–**

૧૦. આ કામે ફરિયાદ પક્ષે વર્તમાન આરોપીઓ સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ નિ:શંકપણે સાબિત કરવા માટે આંક–પ થી સાહેદ અનીલકુમાર છોટાલાલ ક્રિશ્ચયચને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે એવો પુરાવો આપેલ છે કે, બનાવનાં દિવસે, સમયે અને સ્થળ ે આરોપીઓને ફરીયાદી સાથે બોલાચાલી થવા બાબતે સામાન્ય બોલાચાલી થતાં, તેઓએ આ કામની ફરિયાદ આપેલી. તે સિવાય બીજું કાંઈ બનેલ નથી. તેઓએ બનાવની ફરિયાદ તેઓએ આપેલી હોવાનું જણાવી, પોતાની

જુબાનીમાં ફરિયાદ રજૂ કરી, તેમાંની તેમની સહી ઓળખી બતાવી, આંક–૭ થી રજૂ કરવામાં આવેલ છે. ફરીયાદી મરણ ગયાનો દાખલો આંક–૬ થી આ કામે રજુ છે. તેમજ વધુમા તેમનો દીકરો ફોરેન જતા રહેલા છે. આ સાહેદે ફરિયાદ પક્ષનાં કેસની હકીકતોને સમર્થન ન આપતાં, ખુદ ફરિયાદ પક્ષે તેઓને ફરી ગયેલાં જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ આ સાહેદની બચાવ પક્ષ દ્વારા ઉલટતપાસ કરતાં, તેઓએ સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને આરોપી સાથે રાજી–ખુશીથી, ઘરમેળે સમાધાન થયેલ હોવાનું જણાવેલ છે. ફરિયાદ પક્ષનાં કેસ અનુસાર હાલનાં કેસમના આ સાહેદ છે અને છતાં આ સાહેદનો સમગ્ર પુરાવો રજુ છે, જે ધ્યાને લેતાં, તેઓએ ફરિયાદ પક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી. તેઓની સમગ્ર જુબાનીનો નિચોડ જોતાં, આરોપી પર ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો ગુનો આરોપીએ આચરેલ હોવાનું નિ:શંકપણ પુરવાર થતું નથી અને તે રીતે વર્તમાન આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ નિ:શંકપણે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ થયેલ ના હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી

હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૫૫ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ :-૪૪૭, ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૪૨૬, ૧૧૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૪૩૭ (એ) મુજબ અપીલ સમય માટે આરોપીઓએ રૂપિયા ૫,૦૦૦-૦૦ ( અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) નાં જામીન આપવાના રહેશે અથવા જુના જામીન ચાલુ રહેતા હોવાની પુરસીસ રજુ રાખવી.

આજ રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૯-૦૧-૨૦૧૮.
અમદાવાદ

( અતુલકુમાર રજનીકાંત પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં. ૭
અમદાવાદ.
UNIQUE CODE GJ00710